# આને કહેવાય વિકાસ ?

## ગાંધીનગરના પ્રવેશદ્વારે ચિલોડા સર્કલ પાસેના એસટી બસ સ્ટેન્ડની બિસ્માર હાલત




(તસવીર : નટુભાઈ પટેલ)

ચિલોડા, તા. ૨

ગાંધીનગર જિલ્લાના હાર્દ સમા ચિલોડા જંક્શન મથકે અનેક આમ જનતાને પ્રાથમિક સુવિધાના અભાવે ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. ચિલોડા જંક્શન માર્ગ પર સરકાર દ્વારા સૌનો સાથ-સૌનો વિકાસની અનેક યોજનાઓના હોર્ડીંગ્સ લગાવવામાં આવ્યા છે. પરંતુ આ વિસ્તારમાં એસટી કંટ્રોલ પોઈન્ટની સુવિધાની સાથોસાથ હિંમતનગર, દહેગામ તથા અમદાવાદ મુખ્ય મથકે જવા માટેના માર્ગ પર એક પણ એસટી સ્ટેન્ડના અભાવે હજારો મુસાફરો હાઈવે પરના મુખ્ય માર્ગ નજીકના ડિવાઈડર તથા ફૂટપાથ પર વરસતા વરસાદ તથા ટાઢ-તડકામાં બસોની રાહ જોતાં મુસાફરોની લાંબી કતારો જોવા મળે છે. જ્યારે સાદરા-ગાંધીનગરના ત્રિભેટે વર્ષે જૂના બસ સ્ટેન્ડ પાસે સત્તાવાહકો દ્વારા જેસીબીથી ઊંડા-પહોળા ખાડા કરી દેવામાં આવ્યા હતા. જ્યારે આ વિસ્તારમાં રોડ ટચ શાકભાજીના પાથરણાવાળાને ખસેડી જગ્યા ખાલી કરાવી હતી. ત્યારબાદ આ ધમધમતા વિસ્તારમાં આ સ્ટેન્ડથી વાહનો પાર્ક કરવાની સુવિધા સર્કલથી દૂર સાદરા રોડ પર કરતાં બસ સ્ટેન્ડ સાવ બિસ્માર હાલતથી ઉજ્જડ બન્યું છે.

જ્યારે હિંમતનગર તથા અમદાવાદ હાઈવે પોલીસ સ્ટેશનની સામે બસ સ્ટેન્ડના અભાવો હજારો મુસાફરો હાલાકી વેઠી રહ્યા છે. આમ, ચિલોડા સર્કલ પાસે અસુવિધાના અભાવે લોકોની ફરિયાદો ઊઠવા પામી છે. જ્યારે સાદરા-રોડ પરનું આ જર્જરિત-નધણિયાતું બસ સ્ટેન્ડ પાસે લગાડેલું હોર્ડીંગ્સ જોતાં લોકો કહે છે કે આને કહેવાય વિકાસ ?

# નહેરુ યુવા કેન્દ્ર શ્રેષ્ઠ યુવક મંડળ કે મહિલા મંડળને પુરસ્કૃત કરશે

## આવેદકે જરુરી વિગતો ભરી ફોર્મ ૧૫મી સુધી પરત કરવું

ગાંધીનગર, તા. ૨

યુવા કાર્યક્રમ એવં ખેલ મંત્રાલય ભારત સરકાર દ્વારા નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગર જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ યુવક મંડળ કે મહિલા મંડળને ૧૦,૦૦૦ રૂ, આપી પુરસ્કૃત કરશે જે મંડળોએ સમાજ સેવાના ક્ષેત્રમાં ઉત્કૃષ્ઠ કામગીરી કરી હોય અને વિકાસ ક્ષેત્રે નોંધપાત્ર ભૂમિકા અદા કરી હોય તેવા શ્રેષ્ઠ યુવક/મહિલા મંડળે તા. ૧૫મી સપ્ટેમ્બર ૨૦૧૨ સુધીમાં પોતાનું અરજીપત્રક નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગરને ભરીને પરત કરવાનું રહેશે.

ભારત સરકારના યુવા કાર્ય અને ખેલ મંત્રાલય પુરસ્કૃત નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગર દ્વારા સંચાલિત જિલ્લા કક્ષાની યુવા પુરસ્કાર યોજના અમલમાં છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ સ્વૈચ્છિક સેવા ક્ષેત્રે કાર્યરત યુવા મંડળ/મહિલા મંડળોનો વિકાસ થાય, સમાજ સેવાની પ્રવૃત્તિને વેગ મળે તે છે. જે મંડળોએ સમાજસેવાના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કામગીરી કરી છે તેમજ સામાજિક પરિવર્તનમાં અથવા વિકાસક્ષેત્રે પ્રેરણારૂપ કામગીરી કરી છે તેવા શ્રેષ્ઠ યુવક મંડળ/મહિલા મંડળને રૂ.૧૦,૦૦૦ જિલ્લા કક્ષાએ પુરસ્કારરૂપે આપવામાં આવશે. ખાસ કરી જે યુવક/મહિલા મંડળોએ રાષ્ટ્રીય એકતા, શાંતિ, સદભાવના, કોમી એકતા, સાક્ષરતા અભિયાન, પર્યાવરણ સુરક્ષા, રકતદાન, સાહસિક પ્રવૃત્તિ, સામુદાયિક વિકાસ, ગરીબી નિવારણ કાર્યક્રમ, જાહેર આરોગ્ય, સ્વરોજગારલક્ષી, તાલીમ, મહિલા સશકિતકરણ, સમાજકલ્યાણ વગેરેને લગતી વિવિધ પ્રવૃત્તિમાં કામગીરી કરેલી હોવી જોઈએ. જિલ્લા કક્ષાએ વિજેતા થનાર પુરસ્કર્તાને રાજય કક્ષાનાં પુરસ્કાર માટે ભલામણ કરવામાં આવશે.

આ પુરસ્કાર અંગેનું અરજીપત્રક નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગરની કચેરી, સેકટર-૩૦, બ્લોક નં ૧૦/૧, 'ચ' ટાઈપ, ગાંધીનગરથી વિના મુલ્યે પ્રાપ્ત થઈ શકશે. પુરસ્કર્તાએ આ અરજીપત્રક ૧૫મી સપ્ટેમ્બર સુધીમાં નહેરુ યુવા કેન્દ્રની કચેરીએ પરત કરવાનું રહેશે.

# ઉવારસદથી વાવોલ રોડની સત્વરે મરામત નહીં થાય તો ગ્રામજનો આંદોલન કરશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના વાસદ ગામમાં ડેન્ટલ કોલેજથી વાવોલ (ગોકુળપુરા) સુધીનો રોડ સંપૂર્ણપણે તુટી જવા સાથે બિસ્માર થઈ ગયો છે. જેની કામગીરી હાથ ધરવામાં નહિ આવે તો ગ્રામજનોએ આંદોલન કરવાની ચેતવણી ઉચ્ચારી છે.

ગાંધીનગર તાલુકા પંચાયતના ઉપપ્રમુખ અને ઉવારસદના અગ્રણી મદોતજી બબાજી ઠાકોરે જણાવ્યું છે કે ડેન્ટલ કોલેજ ઉવારસદથી વાવોલ (ગોકુળપુરા) સુધીનો રોડ વર્ષોથી બિસ્માર હાલતમાં રહેલો રોડ રીપેર કરવા રજૂઆત કરવા છતાં રીપેર નહીં થતા વિદ્યાર્થીઓ, દર્દીઓ, કર્મચારીઓ અન્ય વાહન ચાલકોને અવર જવર કરવામાં મુશ્કેલીઓ વેઠવી પડે છે.

મદોતજી બબાજી ઠાકોરે રોડ રીપેર કરવા માટે કાર્યપાલક ઈજનેર પાટનગર યોજના વિભાગમાં રજૂઆત કરી છે. જો રીપેરીંગનું કામ નહીં થાય તો ગ્રામજનોએ નાકાબંધી કરી આંદોલન કરવાની ચેતવણી આપી છે.

# આર્ટ ઓફ લીવીંગ દ્વારા બેઝીક કોર્ષનું આયોજન

ગાંધીનગર, તા. ૨

પરમ પૂજય શ્રી શ્રી રવિશંકરજી પ્રેરિત સંસ્થા દ્વારા ૧૮ વર્ષથી મોટા લોકો માટે બેઝીક કોર્ષનું તા. ૪થી સપ્ટેમ્બરથી ૯મી સપ્ટેમ્બર સુધી બીજો માળ, મેઘ મલ્હાર કોમ્પલેક્ષ, સેક્ટર-૧૧, ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

બેઝીક કોર્ષ સવારે ૬ થી ૯ અને સાંજે ૬.૩૦ થી ૯.૩૦ કલાક દરમિયાન મેઘ મલ્હાર કોમ્પલેક્ષ, સેક્ટર-૧૧ ખાતે યોજાશે. શિબિરમાં સુદર્શન ક્રિયા, પ્રાણાયામ, યોગાસન, સરળ ધ્યાન, સારી ખરાબ આદતોની ચર્ચાઓ, શ્વાસોશ્વાસની ક્રિયાઓ, જવાબદારીને સમજવાની જાગૃતિ, રમતગમત જેવા પાસાઓ દ્વારા જીવનનો સુમેળ સાધવાનો સમાવેશ કરવામાં આવ્યો છે. શિબિર થકી તનાવમુક્તિ, આત્મવિશ્વાસ, યાદશક્તિ, ગ્રહણશક્તિ, માનસિક શાંતિ, એકાગ્રતા, તંદુરસ્તી, આંતરિક વિકાસ અને વક્તૃત્વ શક્તિ ખીલે છે. એમ પ્રશિક્ષક સુરેશ પરમારે જણાવ્યું છે. આ અંગેની વધુ વિગતો મો. નં. ૯૪૨૬૩૦૦૩૦૩ પર સંપર્ક કરવાથી મળી શકશે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

## ગાંધીનગરમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨

શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ સપ્તાહનો પ્રારંભ આજે બપોરે ત્રણ કલાકે ગોગા મહારાજના મંદિર પાસે, સૅક્ટર-૪ સી ખાતે કરવામાં આવ્યો છે, જે ૮મી સપ્ટેમ્બરના રોજ સાંજે ૬ કલાક સુધી ચાલશે.

આ જ્ઞાનયજ્ઞમાં કપિલ અવતાર, રામાવતાર, નરસિંહ અવતાર, કૃષ્ણ અવતાર, ગોવર્ધન લીલા, રૂક્ષ્મણી વિવાહ, સુદામા ચરિત્ર જેવા પ્રસંગો યોજવામાં આવશે, જેમાં રૂક્ષ્મણી વિવાહ કરાવવા માટે ગુજરાતના પ્રસિધ્ધ ટીવી કલાકાર કલાબેન પંચાલ પધારશે. વિરેચનનગરવાળા રાજેન્દ્રપ્રસાદ શાસ્ત્રીની વ્યાસપીઠે યોજાઈ રહેલા શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં સૌ ભક્તજનોને ઉપસ્થિત રહેવા આયોજકોએ ખાસ જણાવ્યું છે.

# કુટુંબ નિયોજનના ઓપરેશન બાદ રતનપુરની મહિલાનું મૃત્યુ

## ઈસનપુર મોટા ગામની હોસ્પિટલના ડોકટરની બેદરકારીથી મૃત્યુ થયું હોવાનો આક્ષેપ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર નજીકના રતનપુર ગામે રહેતી ૩૦ વર્ષીય પરિણીતા ઈસનપુર મોટા ગામે ટ્રસ્ટની એક હોસ્પિટલમાં કરવામાં આવેલ કુટુંબ નિયોજનના ઓપરેશન બાદ બેભાન રહી હતી. તેણીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી પરંતુ ત્યાં સુધીમાં તેણીનું પ્રાણપંખેરું ઉડી જવા પામ્યું હતું. પોલીસે પેનલ ડોકટરની ટીમથી પી.એમ. કરાવીને અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરુ કરી છે જયારે મૃતકના કુટુંબીજનોએ તબીબોની બેદરકારી હોવાનો આક્ષેપ મુકયો છે.

ગાંધીનગર જિલ્લાના રતનપુર ગામમાં રહેતી ૩૦ વર્ષીય પરિણીતા રંજનબેન કાળુસિંહ બિહોલાએ બે દિવસ અગાઉ ગાંધીનગરના ઈસનપુર મોટા ગામે સ્થિત ટ્રસ્ટની એક હોસ્પિટલમાં કુટુંબ નિયોજનનું ઓપરેશન કરાવ્યું હતું. તબીબોએ કરેલા ઓપરેશન બાદ પરીણીતા ભાનમાં જ આવ્યા ન હતાં. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. કુટુંબ નિયોજનના ઓપરેશન બાદ બેહોશ રહેલા રંજનબેનનું ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં મૃત્યુ થઈ જતાં કુટુંબીજનોએ ઓપરેશન કરનાર તબીબની બેદરકારી હોવાના આક્ષેપો કર્યા છે. આ બાબતે તબીબી વિરુધ્ધ બેદરકારીનો ગુનો નોંધાવવા મૃતકના કુટુંબીજનોએ પોલીસનો સંપર્ક કર્યો હતો. ચિલોડા પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલીને પેનલ ડોકટરની મદદથી પી.એમ. કરાવ્યું હતું. ચિલોડા પી.આઈ. બી.સી. ઠકકરના જણવ્યા મુજબ પોસ્ટ મોર્ટમના રીપોર્ટ બાદ મૃત્યુના ચોકકસ કારણથી યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે, બીજી તરફ મૃતક મહિલાના પરિવારજનોનો આક્ષેપ છે કે તબીબે ઓપરેશન ફેઈલ ગયા પછી પણ તેને વહેલી ગાંધીનગરની હોસ્પિટલમાં ટ્રાન્સફર કરી દીધી હોત તો પણ રંજનબેને જીવ ગુમાવ્યો ન હોત.

# પાટનાકુવાથી ગાંધીનગર સુધી વ્યસનમુકિત બાઈક યાત્રા યોજાઈ



ગાંધીનગર, તા. ૨

દહેગામ તાલુકાના પાટનાકુવા ગામમાં આવેલા સ્યવંભૂ તુળજાભવાની મંદિરેથી તારીખ ૨ સપ્ટેમ્બર ૨૦૧૨ને રવિવારના રોજ વ્યસનમુકિત ઝુંબેશ અંતર્ગત પાટનાકુવાથી ગાંધીનગર સુધી બાઈક યાત્રા યોજાઈ હતી. જેમાં ૧૨ યુવાનો સહભાગી થયા હતા. આ યાત્રા પાટનાકુવાથી શરૂ થઈ ધણિયોલ, કતારપુરા, વાસણા ચૌધરી, ગિયોડ, ગિયોડ અંબાજી મંદિર, ચિલોડા અને ગાંધીનગર સુધી યોજાઈ હતી.

વર્તમાન સમમયાં બીડી, તમાકુ, ગુટખા, દારૂ જેવા વ્યસનનો ભરડો સમાજના બાળકો તથા યુવાધનને ખોખલો કરી રહ્યો છે તેમજ કોઈ પણ પ્રકારનું વ્યસન વ્યકિતને માનસિક અને શારીરિક રીતે ખુબ જ ગંભીર અસર કરે છે અને તેથી વ્યકિત અને તેનું સમગ્ર કુટુંબ હોમાઈ જવાના કિસ્સા પણ આપણને સાંભળવા મળે છે. સાંપ્રત સમયમાં દરેક વ્યકિતને વ્યસનથી મુકત કરવો જોઈએ. પાન-બીડી મસાલા અને ગુટકાના વ્યસનો ઘર ઘર સુધી ચાલી રહ્યા છે. લોકોને વ્યસનમાંથી મુકત કરવાના આશય સાથે પાટનાકુવાથી ગાંધીનગર સુધી રાજેશગીરી ગોસ્વામી, હિતેશકુમાર પટેલ, સંદિપકુમાર પટેલ, ખોડીદાસ રાવલ, નિર્મલકુમાર પટેલ, રાહુલ પ્રજાપતિ, નિર્મલ જાની, ચિરાગ ચૌધરી, જૈમિનકુમાર પટેલ, મિતેશ શર્મા, અદેસંગ રાઠોડ અને દીપકકુમાર પંચાલે વ્યસનમુકિત માટે બાઈક યાત્રા યોજી હતી.

# કૃષ્ણાશ્રયના સત્સંગના બીજા દિવસે પ.પૂ.ગો.શ્રી ૧૦૮ કુંજેશ કુમારજી મહોદયનું 'વિચાર' પર પ્રવચન

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર વૈષ્ણવ સમાજ દ્વારા કૃષ્ણાશ્રય સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પ.પૂ. ગો.શ્રી ૧૦૮ કુંજેશ કુમારજી મહોદયશ્રીએ બીજા દિવસે 'વિચાર' શબ્દ ઉપર પ્રકાશ પાડયો હતો. ભકતને વિચાર કરવા ઠાકોરજી પ્રેરે છે. ગમે તેવા નિયમ લેવા, શ્રદ્ધા રાખવી, સમર્પણ કરવું, શરણાગતિ સ્વીકારવી એ ઠાકોરજીની કૃપા વગર કયારે પણ થતું નથી.

એક દૃષ્ટાન્ત વૈષ્ણવાર્તાઓમાંથી આપતા અફઘાનિસ્તાનના એક વૈષ્ણવ બુલામિશ્રની વાત કરી હતી. આ વૈષ્ણવને પ્રદેશમાં રહેતા રહેતા શ્રીનાથજીના બધા દર્શનોના શણગારની ઝીણામાં ઝીણી વિગતની ખબર પડી જતી હતી. શ્રીનાથજીની યાત્રાનું વૈષણવમાં ઘણું મહત્વ છે. પરંતુ સંજોગો વસાત જે લોકો આ યાત્રા કરી શકતા નથી. તેમના મનમાં કષ્ટ રાખવાની કઈ જરુર નથી. તેઓ જે સ્થળે હોય તેજ સ્થળે શ્રીકૃષ્ણનો આશ્રય કરે અથવા અષ્ઠાક્ષર મંત્રનો જપ કરે તો યાત્રા કરવાની કોઈ જરુર નથી. કૃષ્ણાશ્રય કરીને અષ્ઠછાપ કવિઓએ જે કીર્તનોની રચના કરી છે તે આંખે દેખ્યા અહેવાલ જેવી જ છે. તેનાથી નિકુંજમાં પ્રવેશ થઈ શકે છે સેવા એક જાતની શકિત આપે છે. શ્રી વલ્લભના એક સેવકે શ્રી વલ્લભને કહ્યું હતું કે, 'મેરો નામ પ્રભુને સુન્યો હૈ' ભકિત અને મુકિત એ અરિસામાં ચેહરો જોઈએ તેવું છે. અરિસામાં જોતાની સાથે જ તમને પ્રથમ તમારું હૃદય દેખાશે પછી ચેહરો દેખાશે. આજ કાલ અધિક માસ મધ્ય સમયમાં છે એટલે બધી જ ધાર્મિક પ્રવૃત્તિઓ અધિક કરવી જોઈએ. કૃષ્ણાશ્રયમાં આશ્રય રાખવાનો આ ઉત્તમ અવસર છે બધા જ ધાર્મિક ગ્રંથોમાં મુખ્ય સિધ્ધાંત કષ્ણાશ્રયનો જ છે. આ પદની પ્રથમ પંકિતમાં જે પાષડ શબ્દ છે તે પરસ્પર બે વિરોધી વાતોનો ઉલ્લેખ કરે છે. સારા ને ખરાબ વિચારો આજના સમયમાં દરેકને આવ્યા કરતા હોય છે. જપ અને તપનું મહત્વ આપણા ઋષિઓએ શીખવ્યું છે તે જ રીતે ગોપીઓની ભકિત પણ ઘણું શીખવી જાય છે. કૃષ્ણદાસ મેઘન નામના એક વૈષ્ણવે ભગવાનના અસ્તિત્વનો પુરાવો આપવા હાથમાં અંગારા લઈને લોકોને સમજ આપી હતી. અંગારાથી પણ તેમને કોઈ હાની થઈ ન હતી. ૮૪ બેઠકોની યાત્રા વખતે ઝારીજી ભરવાનું અને તેને હાથ લગાવવાનું ઘણું જ મહત્વ છે. તે સમયે બેઠકજી ઉપર પડાપડી કરવી એ વૈષ્ણવ માટે યોગ્ય નથી. બેઠકની સેવા સાચી રીતે કરવી હોય તો બેઠકની સ્થળની આસપાસ સ્વચ્છતા રાખવાનો આપણો ધર્મ છે. ગોપીભાવ અને સખીભાવ બે વચ્ચે સુક્ષ્મ તફાવત છે. વૈષ્ણવોએ વધારે કોઈ વ્રત કરવાની જરુર નથી તેમને માત્ર ૪ જયંતિ અને તમામ અગિયારસ કરવી જોઈએ. કૃષ્ણદાસ અધિકારીનું દૃષ્ટાંત આ બાબતમાં મહત્વનું છે. તેઓ સત્સંગને જ મહત્વ આપે છે. માનસી સેવા અને સેવા માનસી બે શબ્દો વચ્ચે ફરક છે. વૈષ્ણવ મંદિરોમાં દર્શનની વચ્ચે જે ટેરો આવે છે તેને પડદો કહેવાનું વૈષ્ણવોએ ટાળવું જોઈએ. વિષાદ એ જ ભકિતનો પ્રસાદ છે. મૃત્યુના બે અર્થ છે. ભૌતિક મૃત્યુ એ મોક્ષ નથી અલૌકિક મૃત્યુ એ જ મોક્ષ છે. વૈષ્ણવવાર્તાઓ માની કિશોરી વૈષ્ણવની વાર્તા આ સંદર્ભમાં ધ્યાનમાં રાખવી જોઈએ. જેનું મન પ્રભુમાં લાગ્યું છે તેને દેશના કાલના ભેદ લાગુ પડતા નથી. ભગવાનને પ્રસાદમાં શુંધરાવવું એના વાદ વિવાદમાં પડવાની જરૂર નથી. છપ્પન ભોગના દર્શન સમયે એક ભકતે માત્ર છોલાના પ્રસાદથી પ્રભુને રિજવ્યા હતા.

ઠાકોરજીના ઉપયોગમાં આવે તેજ દ્રવ્ય સાચું દ્રવ્ય છે. લક્ષ્મીના બે પ્રકાર છે એક અ લક્ષ્મી અને બીજી શુભ લક્ષ્મી તિજોરીમાં પડી રહે છે તે અ લક્ષ્મી છે અને સતકાર્યમાં વપરાય તે શુભ લક્ષ્મી છે. પ્રભુ માટે મન હોય તે વૈષ્ણવ કહેવાય. સ્વાર્થપરાયણ ભકિત કરવી નહીં. તેમણે કહ્યું કે ગંગા સ્નાન પવિત્ર છે અને યમુના પાન પવિત્ર છે.

# સહકારી બેંક વ્યવસ્થાથી અર્થતંત્રની ગતિ ચાલે છે

ભાજપાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પરશોત્તમ રૂપાલાએ એક અખબારી યાદીમાં રિઝર્વ બેંકનાં ડેપ્યુટી ગવર્નર કેસી ચક્રવર્તીનાં બિનજવાબદાર નિવેદનની આકરી ટીકા કરતાં જણાવ્યું છે કે, સહકારી વ્યવસ્થાતંત્રએ રાષ્ટ્રની અર્થતંત્રની ગતિને ધમધમતી રાખવાનો મહત્વનો આધાર સ્તંભ છે તેને કેસી ચક્રવર્તીએ નજર અંદાજ કરી જે વાણી-વિલાસ કર્યો છે તે નિંદાજનક છે. રિઝર્વ બેંક એ ભારતનાં સમગ્રતયા બેંકીંગ માળખાની શિખર બેંક છે. રાષ્ટ્રીયકૃત બેંકો, ખાનગી બેંકો, સહકારી બિંકોની મિત્ર, સહાયક અને ફિલસુફ બેંક છે ત્યારે તેના ડેપ્યુટી ગવર્નર સમાજમાં સહકારી બેંકો વિરોધની વાતો કરી આખાયે કૃષિ-ગ્રામિણ અર્થતંત્રને ખોરવવાના વિધાનો કરે તે વ્યાજી નથી. સહકારી બેંકોમાં થાપણો તમારો જોખમે મુકજોની તેમની અમદાવાદમાં ઉચ્ચારાયેલ વાતની સામે પ્રશ્નાર્થ કરતા ચક્રવર્તીનો મત એ આરબીઆઈનો મત છે ? શું કેન્દ્ર સરકારી આર્થિક નીતિનો આ ભાગ છે ?

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૩
સૂર્યાસ્ત : ૬.૫૯

## તાપમાન

મહત્તમ : ૩૩.૨ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૫ ટકા ● સાંજે ૬૫ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
જૉકર : ૧.૧૫, ૩.૩૦, ૬.૦૦, ૮.૧૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
જૉકર : ૧૦.૦૦, ૧૨.૦૦, ૨.૧૫, ૯.૩૦
એક થા ટાઈગર : ૪.૩૦, ૭.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ધ એક્ષપન્ડેબલ-૨ (હિન્દી) : ૧૦.૧૫, ૩.૩૦, ૧૧.૦૦
કેવી રીતે જઈશ : ૧૨.૪૫, ૮.૧૫
એક થા ટાઈગર : ૫.૪૫
: સ્ક્રીન-૨ :
એક થા ટાઈગર : ૧૦.૦૦,૧૨.૩૦, ૩.૦૦, ૮.૦૦, ૧૦.૩૦
શીરીન ફરહાદ કી તો નીકલ પડી : ૫.૩૦
: સ્ક્રીન-૩ :
જૉકર : ૧૦.૩૦, ૧૨.૪૫, ૩.૦૦, ૭.૩૦, ૯.૪૫
ફોર્મ સિડ્ની વીથ લવ : ૫.૦૦
: સ્ક્રીન-૪ :
જૉકર : ૯.૩૦, ૨.૦૦, ૪.૧૫, ૬.૩૦, ૮.૪૫, ૧૧.૦૦
શીરીન ફરાહદ કી તો નીકલ પડી : ૧૧.૪૫

### સૂર્યા, વાવોલ

જૉકર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
વિધાતા (ગુજરાતી) : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
જૉકર : ૧૦.૩૦, ૧.૦૦, ૩.૧૫, ૫.૧૫, ૮.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
એક થા ટાઈગર : ૧૦.૫૦, ૭.૧૫, ૧૦.૦૦
નિલકંઠ : ૧.૧૫ ● જૉકર : ૪.૧૫
: સ્ક્રીન-૩ :
આઈ એમ ૨૪ : ૧૧.૧૫,૧૦.૧૫
એક થા ટાઈગર : ૨.૧૫
ફોર્મ સિડ્ની વીથ લવ : ૫.૧૫, ૮.૧૫

### ચિરાગ, કલોલ

જૉકર : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ધાર્મિક

- પુરૂષોત્તમ માસ નિમિત્તે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, સેકટર-૨૧,ખાતે હિંડોળામાં શયનમાં મોતીનો બંગલો અને શૃંગારમાં ચાંદીના પલના.

## આપની આજ

**મેષ** : વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. કુટુંબના સદસ્યો તરફ ખાય ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

**મિથુન** : રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો. દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે.

**કર્ક** : વ્યાપારમાં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય.

**સિંહ** : વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.

**કન્યા** : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીક સમસ્યાઓનું સમાધાન આવશે.

**તુલા** : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો. ધર્મ, આધ્યાત્મ પ્રત્યે આસ્થા વધશે.

**મીન** : સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર-વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.

## ચિરવિદાય

- સ્વ. જયરામભાઈ ચેલાભાઈ કાસેલા (ઉ.વ.૭૦) ૫૧૪/૨, નંદનવન સોસાયટી, ઘ-૬ કોર્નર, સેકટર-૨૨, ગાંધીનગર.
- સ્વ. ભગવતીબેન અંબાલાલ પટેલ(ઉ.વ.૭૫) ૬૫૯/૧, પંચવટી પાર્ક, સેકટર-૨૩, ગાંધીનગર.
- સ્વ. મંગુબેન અંબાલાલ સુથાર (ઉ.વ.૮૫) મુ.પો. મકાખાદ, તા.માણસા, જિ. ગાંધીનગર.